NEP-2020
માર્ગદર્શિકા મુજબ

# ગુજરાતી

(ગુજરાતી-પ્રથમ ભાષા)

# MASTER

સ્વાધ્યાયપોથી - સ્ટડી મટીરિઅલ - ભાષા સજ્જતા - નિબંધ

## ધોરણ - 7 (પ્રથમ સત્ર)



Alankar®
Publication

Alankar.live
Scan & Learn

# પ્રસ્તાવના...

ટીચિંગ-લર્નિંગ કાર્યને સરળ બનાવતું પુસ્તક **MASTER** આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

ધોરણ 6 થી 8ના મુખ્ય તમામ વિષયોમાં પાઠ્યપુસ્તકના તમામ એકમોના તમામ મુદ્દાઓને સારી રીતે શીખવા-શીખવવા માટે શિક્ષક-વિદ્યાર્થી પાસે વર્ગકાર્યમાં પર્યાપ્ત સમય હોતો નથી. વર્ગકાર્યનો મોટા ભાગનો સમય વિદ્યાર્થીઓને જવાબ લખાવવામાં જ વેડફાઈ જતો હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની લેખન ઝડપ ઓછી હોય તો પર્યાપ્ત સમયમાં જવાબો લખી ન શકવાને કારણે જે-તે મુદ્દાની સમજ મેળવી શકતા નથી. ત્યારે **MASTER** માં એક એકમની શીખવા-શીખવવાની જરૂરી તમામ માહિતી ઉપલબ્ધ છે. **ઓબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નોના જવાબ પુસ્તકમાં જ લખી શકે તે માટે પર્યાપ્ત જગ્યા આપી છે. **સબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નો ઉત્તરો સાથે આપ્યા છે. જેથી લેખનનો સમય બચે છે. શિક્ષક દરેક મુદ્દાને વિગતે સમજાવી શકે છે અને વિદ્યાર્થી માટે દરેક પ્રશ્નો જાતે જ સમજવા સરળ બને છે.

**MASTER** માં વિષયને અનુરૂપ **સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, વ્યાકરણ, નિબંધ બધું જ એક જ પુસ્તકમાં** સમાવિષ્ટ હોવાથી અલગ-અલગ પુસ્તકો બનાવવાની જરૂર રહેતી નથી. દફતરનું ભારણ ઘટે છે અને એક જ પુસ્તકમાં બધું જ ઉપલબ્ધ હોવાથી અભ્યાસ સરળ અને પરિણામલક્ષી બને છે.

શિક્ષક-વિદ્યાર્થીએ એકમને અનુરૂપ કરવાની પ્રવૃત્તિઓ અને માર્ગદર્શિકા પણ **MASTER**માં હોવાથી વાર્ષિક શિક્ષણકાર્યનું ભારણ ઘટે છે. દરેક એકમને અંતે હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ દ્વારા મૂલ્યાંકન પણ થઈ શકે છે. દરેક સત્રમાં લેવાતી પરીક્ષાઓનાં નમૂનારૂપ પ્રશ્નપત્રો દ્વારા પરીક્ષાલક્ષી જાણકારી સૌને ઉપયોગી રહેશે.

**MASTER** બનાવતા ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ સરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિને કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી. યોગ્ય સૂચનોને તજ્જ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | | પાનાં નં. |
|---|---|---|---|
| 1 | **પ્રાણી માત્રને** | પ્રાર્થનાગીત | 03 |
| 2 | **ગુપ્તદાન** | વાર્તા | 09 |
| 3 | **અમારી કામધેનુ** | આત્મકથા ખંડ | 16 |
| 4 | **ચાલો, ચરણ ઉપાડો !** | કૂચગીત | 23 |
| 5 | **તમે સાપથી ડરો છો કે ?** | માહિતી લેખ | 30 |
| 6 | **અવિરામ યુદ્ધ** | નવલિકા | 36 |
| 7 | **હરિ ઘરે આવોને !** | લોકગીત | 43 |
| 8 | **સાહેબ, બધાં જોડાઈ ગયાં છે.** | વાતચીત | 49 |
| 9 | **રત્નભોજન** | નવલકથા ખંડ | 58 |
| 10 | **ગુજરાતનાં ગરવાં લોકગાયિકા** | ચરિત્ર નિબંધ | 63 |
| 1 | **રંગ રંગ વાદળિયાં** | બાળગીત | 70 |
| 2 | **રંગોળી** | નિબંધ | 72 |
| * | **નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 2** | | 73 |
| * | **મારૂ નિબંધ લેખન-1** | | 76 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

સ્ત્રી : હવે તમારી તબિયત કેમ છે ?

પુરુષ : કાલ કરતાં આજે સારું લાગે છે. મને અહીંથી ક્યારે રજા મળશે ?

સ્ત્રી : હજુ ત્રણ દિવસ અહીં જ આરામ કરો. દવા નિયમિત લો છો ને ?

પુરુષ : દવા પીધા પછી મને ઊંઘ ખૂબ જ આવે છે. હું વાંચી નથી શકતો.

સ્ત્રી : તમને આરામ મળે એ માટે જ આવી દવાઓ આપે છે.

પુરુષ : હા, આરામ સારો થાય છે.

**10. નીચે આપેલ ફકરામાં જરૂરી સુધારા કરી લખો :**

મારા ગામ નાનકડું છે. મારું ગામનું નામ ચેતનગઢ છે. તે દરિયાકિનારે આવેલો છે. ગયા સપ્તાહે ખૂબ પવન ફૂંકાશે. ઘણા ઝાડ પડી ગયું. દરિયાઈ તોફાને ઘણો નુકસાન કર્યો. સરકારે તપાસ કરાવ્યો. હવે પછી બધાને રાહત આપવામાં આવી.

**મારું ગામ નાનકડું છે. મારા ગામનું નામ ચેતનગઢ છે, તે દરિયાકિનારે આવેલું છે. ગયા સપ્તાહે ખૂબ પવન ફૂંકાયેલો. ઘણાં ઝાડ પડી ગયાં. દરિયાઈ તોફાને ઘણું નુકસાન કર્યું. સરકારે તપાસ કરાવી ત્યારબાદ બધાંને રાહત આપવામાં આવી.**

**11. મોટેથી વાંચો અને ગુજરાતીમાં તેનો અર્થ લખો :**

(1) रहीमन वे नर मर चुके, जे कहु माँगन जाहि ।

उनसे पहले वे मुए, जिन मुख निकसत नाहि ॥

રહીમજી કહે છે કે એ લોકો મુઆ સમાન છે, જે (ભીખ) માગવા જાય છે; પરંતુ એ પહેલા એ લોકો મરેલા સમાન છે જે કશું (દાન) આપતાં નથી.

(2) जो दान कर्तव्य समझकर, बिना किसी उपकार की भावना से उचित स्थान में, उचित समय पर और योग्य व्यक्ति को ही दिया जाता है, उसे सात्त्विक दान कहा जाता है । (श्रीमद् भगवद् गीता)

જે દાન કર્તવ્ય સમજીને, ઉપકાર કર્યાની ભાવના વગર, યોગ્ય જગ્યાએ, યોગ્ય સમયે અને યોગ્ય વ્યક્તિને જ આપવામાં આવે છે, તેને સાત્ત્વિક દાન કહેવામાં આવે છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતા)

## : વ્યાકરણ સમજૂતી :

**● નીચેના વાક્યોમાં રેખાંકિત પદોને જુઓ અને વિચારો :**

(1) જિંદગીમાં કદી <u>ઘોડા પર બેઠેલો</u> નહીં.

(2) હું તો અહીં <u>દરદીઓની સેવા</u> કરવા આવ્યો છું.

(3) મારે મિશનરીની પેઠે <u>માત્ર સેવાનો જ ખ્યાલ</u> કરવો જોઈએ.

(4) <u>ગામના</u> જ નહીં <u>આજુબાજુના ગામના</u> લોકો પણ દવા લેવા આવતા હતા.

(5) તોય તે <u>પગે ચાલીને</u> સ્ટેશન જાય !

રેખાંકિત પદો વાંચી તમે શું વિચાર્યું ? હા, શબ્દસમૂહ માટે એક શબ્દ આપી શકાય, જેમ કે,

- ઘોડા પર બેઠેલો - **ઘોડેસવાર**
- માત્ર સેવાનો જ ખ્યાલ - **સેવાભાવના**
- દરદીઓની સેવા - **શુશ્રૂષા**
- ગામ અને આજુબાજુના ગામના - **ગામ-પરગામના**
- પગે ચાલીને - **પગપાળા**

● શબ્દસમૂહ માટે એક શબ્દ આપવો એ જ સંક્ષેપીકરણની કળા. શબ્દાર્થમાંથી પણ શબ્દસમૂહ મળે. જેમ કે, ન સમજાય તેવું - **અકળ** તમે બીજા શબ્દસમૂહ કે પદો શોધી એક શબ્દ આપી શકો : જેમ કે, પૈસા ભેગા કરવા : **ધનસંગ્રહ**

બીજાને મદદ કરવી : **પરોપકાર**

જરૂરિયાત પૂરતું જ વાપરવું : **કરકસર**

- **નીચેના વાક્ય વાંચો અને ઉદાહરણ મુજબ બીજા વાક્યો બનાવો :**

**ઉદા.** સ્ટેશનથી ગંગાપુર જવા માટે <u>ન મળે મોટર, બસ કે ન મળે ગાડું</u>.
રણમાં <u>ન મળે પાણી કે ન મળે છાયડો</u>.

(1) ઘરમાં <u>ન મળે લોટ કે ન મળે કાથરોટ</u>.
(2) જંગલમાં ન મળે દુકાન કે ન મળે ઠંડાં પીણાં.
(3) ગામડામાં ન મળે ફાસ્ટફૂડ કે ન મળે મીઠાઈઓ
(4) ગંગાપુરમાં ન મળે છાપું કે ન મળે દવાઓ.
(5) શહેરમાં ન મળે સારી છાશ કે ન મળે ચોખ્ખું દૂધ.

- **નીચેના સંવાદો વિચારીને પૂર્ણ કરો :**

પાર્થ : અરે યાર કૌશિક ! શું કરે છે ?
કૌશિક : ગણિતના દાખલા ગણું છું.
પાર્થ : વાહ ભાઈ વાહ! તું અને ગણિત ?
કૌશિક : શું થાય ? પરીક્ષા આવે છે ને.
પાર્થ : મારી સાથે બજારમાં આવીશ ?
કૌશિક : બજારમાં ? કેમ... ?
પાર્થ : અરે મિત્ર, મોબાઈલનું ચાર્જર લેવું છે.
કૌશિક : ચાર્જર ? મોબાઈલ સાથે નથી આવ્યું ?
પાર્થ : આવ્યું હતું. મામાના ઘરે ભૂલી ગયો છું.
કૌશિક : લે, હું સાઈકલ લઈને હમણાં જ આવું છું.

## : વ્યાકરણ વિભાગ (ભાષા સજ્જતા) :

### 1. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો :

**(1) ઉત્સાહ ઓસરી જવો :** ..........
**વાક્ય :** ..........

**(2) કાળા પાણીની સજા :** ..........
**વાક્ય :** ..........

**(3) દમ નીકળી જવો :** ..........
**વાક્ય :** ..........

**(4) હાથ બંધાઈ જવો :** ..........
**વાક્ય :** ..........

### 2. નીચેના શબ્દસમૂહ માટે એક-એક શબ્દ આપો :

(1) ન સમજાય તેવું - ..........
(2) વ્યાજે નાણાં આપવાં - ..........
(3) ખોટું થતું જોઈને જાગતો ક્રોધ - ..........
(4) જરૂર પૂરતું વાપરવું તે - ..........
(5) દાન આપનાર - ..........

3. **આ પાઠમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની યાદી કરો :** ................................................

................................................................................................

................................................................................................

4. **નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :**

(1) સૂગ : ................................ (2) ખેદ : ................................

(3) વંચિત : ................................ (4) પાયરી : ................................

(5) રખેવાળ : ................................ (6) નફરત : ................................

5. **નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :**

(1) બોદો × ................................ (2) રુચિ × ................................

(3) પ્રેમ × ................................ (4) સમ્મુખ × ................................

6. **નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો :**

(1) ડોકટર : ................................ (2) નીમણુંક : ................................

(3) કમપાઉન્ડર : ................................ (4) કરકસરયા : ................................

(5) કજુસ : ................................ (6) પરીચિત : ................................

| ક્રમ | અધ્યયન-નિષ્પત્તિઓ | ✓ | ? | ✕ |
|---|---|---|---|---|
| 1 | વાંચન સામગ્રીમાંથી વિગતો શોધે છે. | | | |
| 2 | રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી વાક્ય રચના કરે છે. | | | |

વાલીની સહી : ................ તારીખ : ................ શિક્ષકની સહી : ................

**પ્રવૃત્તિઓ :** ● શિક્ષકે આ એકમના છેલ્લા ફકરાનું શ્રુતલેખન કરાવવું. ● સામાન્ય રોગોના ઉપચાર માટે ઉપયોગી ઓસડિયાં વિશે જાણકારી મેળવો. ● પાઠના આધારે ‘ડૉક્ટર’ વિશે એકોક્તિ રજૂ કરો.

## 'સ્માર્ટ શિક્ષણ પદ્ધતિ'

# અલંકાર MASTER

## રેફરન્સ કોર્સ બુક સિરીઝ (ધોરણ 5 થી 8)

NEP-2020 માર્ગદર્શિકા મુજબ




### વિશેષતાઓ

- વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન **Teaching Time** નો મહત્તમ ઉપયોગ થઈ શકે.
- વિદ્યાર્થીને જાતે સમજવા અને તૈયારી કરવા માટે **વિસ્તૃત સમજ સાથે સહાયક.**
- ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો-જવાબો લખવા માટે **પર્યાપ્ત અવકાશ.**
- સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, નિબંધ લેખન, પ્રયોગપોથી, નકશાપૂર્તિ, વ્યાકરણ. બધું જ એક જ પુસ્તકમાં સમાવિષ્ટ હોવાથી દફતરનું ભારણ ઘટે છે, **'ભાર વિનાનું ભણતર'.**
- • સરળ અને **પરિણામલક્ષી અભ્યાસ**નો પર્યાય પૂરું પાડતી પુસ્તક સિરીઝ.
  • Alankar.live કનેક્ટેડ.
- એકમને **અનુરૂપ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** અંગેની માર્ગદર્શિકા તથા દરેક એકમની **અધ્યયન નિષ્પત્તિઓ.**

Alankar® Publication